# ટ્રેક નં. ૬૧ : શુદ્ધ પર્યાયનો આશ્રય શુદ્ધાત્મા વિષે

❀ શુદ્ધ પર્યાય ક્યાંથી આવે છે? બહારથી? પૂર્વ પર્યાયમાંથી? કે દ્રવ્યમાંથી? એ સમજવાની અભિલાષા મને તો જાગી છે તો હું તો જાઉં છું પૂજ્ય બહેનશ્રી પાસે.

❀ માંગલિક :

❀ ભક્તિ : જ્યારે આતમનો દીવડો જાગે,
ત્યારે જ્ઞાયકનો આશરો માંગે,
કરે કર્મનો નાશ, થાયે શિવપુરમાં વાસ.
એણે ભવ ભવના દુઃખમાંથી મુક્તિ માંગી.
જાગ્યો રે આતમા આશ જાગી,
મુક્તિના અમૃતની પ્યાસ જાગી,
અભિલાષા જાગી, જાગ્યો રે આત્મા.

❀ બહેનશ્રી : દ્રવ્ય શાશ્વત છે અને પર્યાય અંશ છે એ પર્યાયનું પરિણમન પર્યાય સ્વતંત્ર કરે એમ ઈ એક અપેક્ષાએ કહેવાય. કહેવાય એટલે ઓલો અંશ છે ને ઓલો ત્રિકાળી છે એમ. પણ એટલે ઈ પર્યાય અદ્ધર નથી. કોઈ દ્રવ્યનો એને આશ્રય નથી આશ્રય વિના પર્યાય પરિણમી ગઈ એમ નથી. દ્રવ્યના આશ્રયે પર્યાય પરિણમી છે. પર્યાય એક અંશ છે એટલે એને જુદું કરી, પર્યાય એની મેળાએ પરિણમી એમ એક અપેક્ષાએ કહેવાય. પણ ઈ દ્રવ્યના આશ્રય વગર અદ્ધર પરિણમી એવું નથી કાંઈ. ૧.

❀ બહેનશ્રી : આમાં તો જેમ રાજાની દોરી છે. ઓલો તો છૂટ્ટો છૂટ્ટો ભરેલો છે પણ આખો. રાજા જેમ ચાલતો હોય એમ જ પર્યાયને ચાલવું પડે. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય તો એમ જ પર્યાય હાલે. એને પોતે જે અંદર સ્વભાવમાં એકદમ, એકદમ જોર વધી જાય સ્વભાવ તરફ તો એમ જ પર્યાય હાલે. વિભાવ તરફ જાય તો એમ જ પર્યાય હાલે. જેમ ઓલો જેમ દ્રવ્ય પર દૃષ્ટિ દેનારો, જે દૃષ્ટિ

દેનારો જે ઈ જેમ હાલતો હોય એમ જ પર્યાય હાલે. બીજી ન ચાલે. જેવી જાતની દ્રવ્ય પર દૃષ્ટિ છે એમ જે બળમાંથી જે આવે ઈ પ્રમાણે જ પર્યાય હાલે. બીજી રીતે હાલી ન શકે. એને આશ્રય દ્રવ્યનો જ છે. ઈ તો પહેલા વિભાવ તરફ દૃષ્ટિ હોય તો એમ જ વિભાવ હાલે. આમ દૃષ્ટિ કરે તો આમ સ્વભાવ હાલે. એમાં જો વૃદ્ધિગત થયો પોતે. એમાં જોરથી પરિણતિ વૃદ્ધિગત (થાય.) તો એમ હાલે. આખુંય ચક્ર એમ હાલે. એક એની દૃષ્ટિ ફરે ને એક લીનતા ફરે તો આખું દ્રવ્યનું બધું 'સર્વ ગુણાંશ તે સમ્યગ્દર્શન' બધુંય ચક્ર એમ હાલે. જેમ દ્રવ્યની પરિણતિ જે દૃષ્ટિ જે તરફ દૃષ્ટિ ને પરિણતિ ને લીનતા જેમ હાલે એમ બધું હાલે. ઈ કાંઈ આમ હાલે તો ઓલું ઓમ ન હાલે. એ બીજી તરફ હાલે ને ઓલો બીજી તરફ ચાલે એમ નથી. બંને પોતાથી. શુદ્ધાત્માની શુદ્ધરૂપે પર્યાય પરિણમે પોતાથી એ સ્વતંત્રરૂપે પરિણમે પણ જેમ એની દૃષ્ટિ ને લીનતા એમ ઈ હાલે. દ્રવ્યની દૃષ્ટિ ને લીનતા જેમ ઈ હાલે તેમ હાલે. બીજે ન હાલી શકે. પછી એને જુદુ જુદું બધે કરવા ન જવું પડે કે આ જુદું જુદું. એક હાલ્યું એમાં બધી પરિણતિ. સર્વ ગુણાંશ તે સમ્યગ્દર્શન. સ્વતઃ પરિણમન શુદ્ધ થાય છે અનંતગુણનું. જુદું જુદું બધું અનંત ઉપર દૃષ્ટિ મૂકીને, ભેદ કરવું નથી પડતું, કે જુદી જુદી બધા ઉપર દૃષ્ટિ મૂકીને, એક ઉપર દૃષ્ટિ એટલે બધું ચક્ર સવળું થ્યું. છ કારકની સ્વતંત્ર અપેક્ષા સમજી લેવાય. કઈ જાતનું છે? એની કેટલી સુધીની સ્વતંત્રતા હોય છે પર્યાયની? દ્રવ્ય જે બાજુ વળે ઈ તરફ બધી પર્યાયો વળે. દૃષ્ટિ ને લીનતા જ્યાં ફરે ન્યાં બધી પર્યાયો ફરે. જે દ્રવ્ય સ્વતંત્ર અનંત શક્તિથી ભરેલા હોય એમ એવી જાતની સ્વતંત્રતા એવી પર્યાયની સ્વતંત્રતા નથી હોતી. એ તો દૃષ્ટિના બળે એમ પોતે પોતા તરફ વળે પર્યાય પર્યાયથી એમ. દૃષ્ટિના બળે એમ કહે છે બાકી એને પર્યાય આશ્રય વગરની નથી હોતી. દ્રવ્યનો આશ્રય તો હોય જ છે. ૨.

* પ્રશ્ન : આશ્રય દ્રવ્યનો તો બરાબર. આશ્રય તો પર્યાયને

દ્રવ્યનો હોય છે પણ આશ્રય દ્રવ્યનો રાખીને પણ સ્વતંત્રપણે પરિણમે છે ઈ કોઈ અપેક્ષા ?

● ઉત્તર : સ્વતંત્ર પરિણમે એટલે ઈ કાંઈ એને દ્રવ્યના હાથમાં દોરી નથી ને ઈ ઠીક પડે એમ પરિણમે એમ નથી. એને દોરી જે મોક્ષમાર્ગ એની દોરી એના હાથમાં છે. એ વિભાવ તરફ જાવું હોય તો એ સ્વતંત્ર છે જેમ સ્વભાવ હોય એમ પર્યાય નથી જતી. દ્રવ્યના હાથમાં દોરી છે. ૩.

* પ્રશ્ન : ત્રિકાળ દ્રવ્ય છે ?

● ઉત્તર : કઈ બાજુ દોરી વાળવી એના (દ્રવ્યના) હાથમાં છે. ઈ દ્રવ્યદૃષ્ટિના હાથમાં એની દોરી છે. ૪.

* પ્રશ્ન : અકારણ પારિણામિક દ્રવ્ય ?

● ઉત્તર : એ અકારણ પારિણામિક દ્રવ્ય જુદું છે અને અંદર પુરુષાર્થથી પ્રગટ પર્યાય થાય છે. આમ કેમ પરિણમ્યું ? અકારણ પારિણામિક દ્રવ્ય છે પણ જે બુદ્ધિપૂર્વક પુરુષાર્થ થાય છે એમાં એની દોરી એના હાથમાં છે. દોરી હાથમાં નથી અને ઠીક પડે એમ પર્યાય પરિણમે એમ નથી. એની દિશા આખી બદલાઈ ગઈ છે. દ્રવ્યદૃષ્ટિનું આલંબન છે. આલંબનના જોરમાં પર્યાય બધી આ બાજુ આવે છે. એના આલંબનના જોરમાં આવે છે. ૫.

પ્રશ્ન : એટલે દોરી એના હાથમાં છે. ઈ જ સ્વતંત્રપણું છે ?

● ઉત્તર : ઈ જ સ્વતંત્રપણું છે. ઈ કાંઈ પર્યાય છુટ્ટી ફરે છે એમ નથી. દ્રવ્યના હાથમાં છે. સાધકના હાથમાં છે. પર્યાય તો-શુદ્ધ પર્યાય તો પોતામાં પ્રગટ થાય છે. ઈ તો ક્યાંય નીકળી નથી જાતી. એ તો પોતાની પર્યાય છે. પણ એના પર પોતે દૃષ્ટિ એકત્વબુદ્ધિ કરી પર્યાયને દ્રવ્ય માની રહ્યો છે. ૬.

* પ્રશ્ન : છે કે નહીં એ તો ?

● ઉત્તર : એકત્વબુદ્ધિ છોડ એમ. એ એકત્વબુદ્ધિ છોડાવે છે.૭

* પ્રશ્ન : એ ધારા વહી રહી છે એમાં એકત્વધારા એક છે

અને એક શુદ્ધ છે.

● ઉત્તર : એકત્વબુદ્ધિ-પર્યાય સાથે એકત્વબુદ્ધિ કરી રહ્યો છે. દ્રવ્યને ભૂલી ગયો છે. દ્રવ્ય જે શાશ્વત છે એને ભૂલી ગયો ને ક્ષણિક ઉપર દૃષ્ટિ કરી છે. વિભાવને પોતાનો માન્યો ને પર્યાય ક્ષણિક એને જાણે દ્રવ્ય માની લીધું છે. માટે દ્રવ્ય ભૂલી ગયો માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર. પર્યાયને કાંઈ કાઢી નાખવી એટલે વિભાવ પર્યાયને પલટાવી નાખવાની જરૂર છે. વિભાવનો વ્યય કરવો, પણ શુદ્ધ પર્યાય તો પ્રગટ કરવાની છે અને એ પ્રગટ થાય કેવી રીતે? પર્યાય ઉપર દૃષ્ટિ રાખવાથી પર્યાય પ્રગટ થાતી જ નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો પર્યાય પ્રગટ થાય છે, પણ એ દ્રવ્યદૃષ્ટિ કર ને પર્યાયની દૃષ્ટિ ફેરવી નાખ. પર્યાયમાં દ્રવ્ય માની રહ્યો છે માટે પર્યાય એ દ્રવ્ય નથી. દ્રવ્ય તો અનાદિઅનંત છે. આ પર્યાય ઉપરથી દૃષ્ટિ છોડ એમ કહે છે. ૮.

✻ પ્રશ્ન : દૃષ્ટિ છોડાવવા માટે એને ગૌણ કરવાનું કહ્યું છે?

● ઉત્તર : હા, એને ગૌણ કરવા માટે. એને કાઢી નાખવા નહીં. ૯.

✻ પ્રશ્ન : તિરસ્કારથી નહીં, ઘૃણા નહીં.

● ઉત્તર : જાણે એની નાસ્તિ એટલે પર્યાય છે જ નહીં. એકલું દ્રવ્ય જ છે એવું નથી. પર્યાય તો દ્રવ્યનું સ્વરૂપ છે. વિભાવ પર્યાયનો વ્યય કર. સ્વભાવ પર્યાયનો તો ઉત્પાદ થાય છે પછી. પણ એના ઉપરથી દૃષ્ટિ છોડી દે એની પરથી, એની એકત્વબુદ્ધિ તોડી નાખ. એથી જ થાય. ૧૦.

✻ પ્રશ્ન : ગુરુદેવ જૈનદર્શનનો પ્રાણ કહે છે?

● ઉત્તર : જૈનદર્શનનો પ્રાણ કહે છે. એમાં બધું આવી જાય છે. ભૂતાર્થથી ભૂતાર્થને આશ્રયે જ સમ્યક્‌દર્શન હોય છે. અનાદિ કાળથી દ્રવ્યદૃષ્ટિ જ કરી નથી જીવે. જેમ સ્ફટિક નિર્મળ છે તેમ નિર્મળ આત્માને ઓળખ્યો જ નથી. મલિનતાનો અનુભવ કર્યો છે પણ નિર્મળતાનો અનુભવ કર્યો નથી. નિર્મળતાનો અનુભવ કરે, એને

શ્રદ્ધામાં લે, એને જ્ઞાનમાં લે, એને સ્વાનુભૂતિમાં લે. તો એ આત્મા પોતે જ છે અને એ અનંત સાગર ભર્યો છે ઈ અનંતગુણનો સાગર એ પ્રગટ થાય એવો છે. ૧૧.

*** પ્રશ્ન : સામર્થ્યભાવનો મહિમા એને આવતો નથી ?**

● ઉત્તર : હા. એના સામર્થ્યનો મહિમા નથી અંદર, કે હું અનંત શક્તિઓનો ભરપૂર છું. એનો મહિમા પોતાનો નથી આવતો. બીજાનો આવે છે. બહારનો બધા પુન્યની ઋદ્ધિઓનો મહિમા આવે છે. પણ અંતરની મહિમા નથી આવતો. પરદ્રવ્યનો મહિમા આવ્યો. ચૈતન્યનો મહિમા આવતો નથી. અરૂપી આત્મા, પણ એ અરૂપી, પણ કોઈ અરૂપી કોઈ જુદો જ અર્થ છે. એ અનુપમ, અરૂપી, એને એ ઓળખતો નથી. ૧૨.

● બહેનશ્રી : પર્યાય-તો-શુદ્ધ પર્યાય તો પોતામાં જ પ્રગટ થાય છે. એ તો ક્યાંય નીકળી નથી જાતી. પોતાની પર્યાય છે પણ એની ઉપર દૃષ્ટિ એકત્વબુદ્ધિ, પર્યાયને દ્રવ્ય માની રહ્યો છે. એટલે પર્યાય પરથી દૃષ્ટિ છોડાવે છે. ૧૩.

*** પ્રશ્ન : પણ છે તો ખરીને ?**

● ઉત્તર : પર્યાય તો છે. (પણ) પર્યાય ઉપર દૃષ્ટિ રાખવાથી પર્યાય પ્રગટ થાતી નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો પર્યાય પ્રગટ થાય છે. પણ એ દ્રવ્યદૃષ્ટિ કર ને પર્યાયની દૃષ્ટિ ફેરવી નાખ. પર્યાયમાં દ્રવ્ય માની રહ્યો છે માટે પર્યાય એ દ્રવ્ય નથી. દ્રવ્ય તો અનાદિ અનંત છે. આ પર્યાય ઉપરથી દૃષ્ટિ છોડ એમ કહે છે. ૧૪.

*** પ્રશ્ન : દૃષ્ટિ છોડાવવા માટે એને ગૌણ કરવાનું કહે છે.**

● ઉત્તર : હા. એને ગૌણ કરવાનું કહે છે. એને કાઢી નાખવા નહીં. તિરસ્કાર નહીં, ઘૃણા નહીં. ૧૫.

*** પ્રશ્ન : દ્રવ્ય સ્વભાવ તો શક્તિરૂપ. શક્તિની સામે વ્યક્તિ મૂકવાથી વ્યક્તિમાં શક્તિ ઉપર વજન આપવાથી પર્યાયમાં શુદ્ધતા થાય તો શક્તિમાંથી તો કાંઈ શક્તિ તો નીકળતી નથી. શક્તિ એટલી**

ને એટલી સંપૂર્ણ છે. તો ખાલી દૃષ્ટિ દેવાથી જ શુદ્ધતા આવી જાય ?

● ઉત્તર : શક્તિ તો એટલી ને એટલી રહે છે. એ બધું દ્રવ્ય અપેક્ષાએ કહ્યું. પણ એ પ્રગટ થાય છે. એ પર્યાય અપેક્ષાએ પ્રગટ પણ થાય છે. શક્તિ જેમ છે એમ એટલી ને એટલી રહે છે. એમાં કાંઈ વધતું નથી. એમાં કાંઈ ઘટતું નથી એ બધું દ્રવ્ય અપેક્ષાએ. પણ પર્યાય અપેક્ષાએ એમ કહેવાય દ્રવ્યને આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટ થઈ. દ્રવ્યમાંથી પર્યાય પ્રગટ થઈ. શુદ્ધ સમ્યક્દર્શન પ્રગટ થયું. ૬—૭મું ગુણસ્થાન પ્રગટ થયું એ બધું કહેવાય એ બધું પર્યાય અપેક્ષાએ પ્રગટ પણ થાય છે. શક્તિ અપેક્ષાએ દ્રવ્ય જેમ છે એમ છે પણ પ્રગટ પણ થાય છે. એવી એક અપેક્ષા પર્યાયની છે. કાંઈ પ્રગટ જ નથી થાતું એમ નથી. કેવળજ્ઞાન પ્રગટ થયું. વીતરાગ દશા પ્રગટ થઈ. ચારિત્ર પ્રગટ થયું. ચારિત્ર શક્તિમાં અનાદિ અનંત એમને એમ જેવું છે એવું છે. ઈ દ્રવ્ય અપેક્ષાએ કહેવાય. પણ ચારિત્રમાં મિથ્યાચારિત્ર થઈ ગયું ને દૃષ્ટિ બહાર ગઈ છે. સ્વરૂપ આચરણ ચારિત્ર પ્રગટ થયું, તે પર્યાય અપેક્ષા પ્રગટ થયું છે. તો પ્રગટ કાંઈ નથી જ થાતું, દ્રવ્યમાંથી કાંઈ પ્રગટ જ નથી થાતું એવું નથી. પર્યાય અપેક્ષાએ પ્રગટ થાય છે. દ્રવ્ય અપેક્ષાએ જેમ છે એમ છે. ૧૬.

* પ્રશ્ન : એ જ દ્રવ્યનું અદ્ભૂત સામર્થ્ય ?

● ઉત્તર : એ અદ્ભૂત સામર્થ્ય છે. ૧૭.

* પ્રશ્ન : દ્રવ્ય પણ એવું ને એવું રાખીને પર્યાયમાં બધું આવે ?

● ઉત્તર : દ્રવ્ય એવું ને એવું રાખીને પછી પર્યાયમાં બધું હાનિવૃદ્ધિ અને પર્યાય પ્રગટી, પર્યાય એમ વિભાવરૂપે થઈ, પર્યાય સ્વભાવરૂપે થઈ, પર્યાય એવી ને એવી પર્યાય વિશેષ પ્રગટ થઈ એ બધું થાય છે. ૧૮.

* પ્રશ્ન : એ પણ દ્રવ્યનું જ સામર્થ્ય કહેવાય ?

● ઉત્તર : દ્રવ્યનું જ સામર્થ્ય છે. ૧૯.

* પ્રશ્ન : દ્રવ્યની જ અદ્‌ભુતતા કહેવાય ?

● ઉત્તર : દ્રવ્યની જ અદ્‌ભુતતા છે. એક અપેક્ષાએ દ્રવ્યમાંથી કાંઈ પ્રગટ નથી થઈ. પર્યાયમાંથી જ પર્યાય પ્રગટી એમ કહેવાય. પણ દ્રવ્યમાંથી પર્યાય પ્રગટ થઈ છે. દ્રવ્યમાંથી પ્રગટ થાય છે એમ પણ એક અપેક્ષાએ કહેવાય. જાણનારું જ્ઞાન દ્રવ્યમાંથી પ્રગટ થયું. કાંઈ અદ્ધર નથી પ્રગટ થયું. લાકોલોકને જાણનારું જે જ્ઞાન હતું, એ અંતરંગ વીતરાગદશા, નિર્મળતા દ્રવ્યમાં પ્રગટ થઈ. દ્રવ્યમાં એટલે વીતરાગી પરિણતિ દ્રવ્યની પ્રગટ થઈ. દ્રવ્યમાં કેવળજ્ઞાન પ્રગટ થયું એમ. ઈ જ્ઞાન લોકાલોકની નિર્મળતારૂપે દ્રવ્ય પરિણમ્યું. એવી એક અપેક્ષા છે. ૨૦.

* પ્રશ્ન : વીતરાગતા પણ થાય છે અને દ્રવ્ય પૂર્ણતા પ્રગટ દ્રવ્ય જ કરે છે ?

● ઉત્તર : દ્રવ્ય જ પૂર્ણતા પ્રગટ કરે છે. દ્રવ્યની શક્તિમાં કાંઈ હાનિવૃદ્ધિ નથી થાતી. પૂર્ણ આનંદ આવી ગયો. બધું એને પ્રગટ થઈ ગયું પછી બીજે સમયે બીજું શું પરિણમન આવશે ? એ દ્રવ્યમાં બધું પ્રગટ એ કાંઈ નથી. એટલું પ્રગટ થઈ ગયું તોય દ્રવ્યમાં અનંતું અને અનંતુ છે. બીજે સમયે પાછું એટલું ને એટલું પ્રગટ થાય છે. આટલું બધું દ્રવ્યમાં જે ભર્યું તું એ બધું પૂર્ણ સામર્થ્ય, પૂર્ણ વીતરાગદશા ને પૂર્ણ કેવળજ્ઞાન એક સમયમાં બધે પહોંચી જાય, ત્રણકાળ, ત્રણલોક બધે પહોંચી ગયું એક સમયની અંદર. તો હવે એ પૂરું પ્રગટ થઈ ગયું તો હવે દ્રવ્યને શું કરવાનું રહ્યું ? બીજે સમયે તો અનંતુ અનંતુ. એમાં કાંઈ ઘટતું નથી. બીજે સમયે તો એની પરિણતિ એમ ને એમ ઊભી જ રહે છે. અનંતકાળ સુધી પરિણમે તો દ્રવ્યમાંથી કાંઈ ખૂટતું જ નથી. એટલું પ્રગટ થઈ ગયું તોય. ૨૧.

* પ્રશ્ન : અક્ષય ધારાએ ?

● ઉત્તર : અક્ષયધારા, છે એટલું ને એટલું છે. જેટલું પ્રગટ, એટલું વિકાસ પામ્યું તે પણ એટલું ને એટલું (જ રહે છે). શક્તિમાં

હતું તોય એટલું ને એટલું. શક્તિમાં હતું એટલું વેદનમાં નહોતું આવતું. આ તો વેદનમાં પૂરું થઈ ગ્યું તોય બીજે સમયે એટલું ને એટલું છે. ઈ દ્રવ્યનું કોઈ અચિંત્ય સામર્થ્ય છે. દ્રવ્યની અપેક્ષા, પર્યાયની અપેક્ષા એ બેની સંધિ કરીને સમજવું એ કોઈ દ્રવ્યનું સ્વરૂપ અદ્‌ભૂત છે. એકલી દ્રવ્ય અપેક્ષા જુદી પડે તો પછી પર્યાયમાં કાંઈ નથી, પર્યાય અદ્ધર રહી ગઈ એમ નથી. એમ ઈ દ્રવ્યનું સામર્થ્ય. પર્યાયનું સ્વરૂપ ઈ દ્રવ્યનું સ્વરૂપ છે. એ પર્યાય કોઈ અચિંત્યરૂપે છે. અનાદિ અનંત રહે ને વળી વર્તમાન પરિણતિ કરે ને વળી પાછું અનાદિ અનંત દ્રવ્ય પરિણમતું નથી કોઈ અપેક્ષાએ કહેવાય. વળી કોઈ અપેક્ષાએ દ્રવ્ય પરિણમે છે એમ કહેવાય. દ્રવ્યમાં તો કાંઈ હાનિવૃદ્ધિ થાતી જ નથી. દ્રવ્ય એવું ને એવું કૂટસ્થ કહેવાય. દ્રવ્ય પાછું પારિણામિક છે. ઈ કેવું વિરુદ્ધ જેવી વાત છે? કૂટસ્થ છે ને પાછું પારિણામિક છે. પારિણામિક છે. પરિણમન કરે છે. વળી એમ કહેવાય કે પર્યાય પરિણમે છે પણ પર્યાય ક્યાં પરિણમે છે? કે દ્રવ્યમાં પરિણમે છે કે પર્યાય બહાર પરિણમે છે? પર્યાય કાંઈ જુદી અલગ બીજા દ્રવ્યની જેમ નથી પરિણમતી. એ દ્રવ્ય પોતે જ એ પારિણામિક ભાવે-દ્રવ્ય પોતે પરિણમે છે. દ્રવ્યનું એવું અદ્‌ભૂત સ્વરૂપ છે. ૨૨.

✻ પ્રશ્ન : બેની સંધિપૂર્વક આખી વાત છે.

● ઉત્તર : સંધિપૂર્વક સમજવું જોઈએ બેયને. આનંદ આવી ગયો. હવે બીજે સમયે બીજો આનંદ ક્યાંથી આવશે? ગુણ બધો પૂરો જ થઈ ગયો. એક સમયની અંદર. હવે ખૂટી ગયું હવે ક્યાંથી આવશે? આ કાંઈ ધન નથી. બધું ધન ઘરમાં ભેગું થયું. એ બધું ધન વાપરી નાખ્યું. હવે શું? એવું નથી. ઈ પુરું કહેવાય પણ તોય ઈ તો એમ ને એમ આવ્યા જ કરે, આવ્યા જ કરે. એમાં કાંઈ ખૂટતું જ નથી. દ્રવ્યની શક્તિ ખૂટી ગઈ હવે દ્રવ્યમાં કાંઈ નથી એમ માને તોય ખોટું છે. દ્રવ્યમાં અનંત શક્તિ છે. શક્તિ છે કે નિગોદમાં જાય તોય

એટલી ને એટલી શક્તિ છે પુરું સામર્થ્ય ને પાછું પ્રગટ થાય તોય એવું. પ્રગટ થનારો પોતે. શક્તિ નથી એમ લાગે તોય એવું નથી. પ્રગટ થાય તોય એવું ને એવું. ૨૩.

✻ પ્રશ્ન : બેય દ્રવ્યનું જ છે?

● ઉત્તર : બેય દ્રવ્યનું જ છે. દ્રવ્યનું ક્ષણિક રૂપે પરિણમનારું પણ એ દ્રવ્યનું જ સ્વરૂપ છે. પણ એનું સ્વરૂપ સમજવું કે દ્રવ્યમાં એક ભાગ એવો છે કે ક્ષણે ક્ષણે પરિણમન થાય, બીજી બીજી પર્યાય આવતી જાય છે. અને એનો એક ભાગમાં એ અનાદિ અનંત એવો ને એવો રહે છે પાછો. એક દ્રવ્ય અનાદિ અનંત. પર્યાય (ઉત્પાદ-વ્યય) એમ સમજવાનું. એના બે ભાગલા પાડી નાખે તો (તે બરાબર નથી). ૨૪.

✻ પ્રશ્ન : શબ્દમાં તો એમ આવે કે બે ભાગ છે?

● ઉત્તર : ના. બે ભાગ નથી. (બે) દ્રવ્યના ભાગ છે એવા ઈ બે ભાગ નથી. અપેક્ષાએ કહેવાય. સંખ્યા ભેદે ભેદ છે. એના સ્વરૂપ જુદા. સ્વરૂપ ભેદે ભેદ. વસ્તુ ભેદે ભેદ નથી. પર્યાય અપેક્ષાએ દ્રવ્ય પરિણતિ શુદ્ધ થાય તોય એમાં અગુરુલઘુ પર્યાયની તારતમ્યતા, હાનિવૃદ્ધિ એવો વસ્તુનો સ્વભાવ ઈ તો રહે છે. અનંત ગુણ વૃદ્ધિ અને અનંતગુણ હાનિ એ રીતે એ દ્રવ્ય સ્વતંત્ર પરિણમે છે. એવો દ્રવ્યનો સ્વભાવ છે. ઈ પર્યાયમાં એવું થાય છે. ઈ પર્યાય દ્રવ્યની જ છે. દ્રવ્યની પર્યાયમાં પણ એવું તારતમ્યતા રૂપે દ્રવ્ય પરિણમે છે. એ પર્યાય તરફથી જો; પરિણતિ તરફથી જો તો એમાં હાનિવૃદ્ધિ એવી રીતે લાગુ પડી જાય. પણ દ્રવ્ય અપેક્ષાએ લાગુ નથી પડતું. ઈ જે અગુરુલઘુની છે એની વાસ્તવિક હાનિવૃદ્ધિ નથી થાતી કે કેવળજ્ઞાન વધી ગયું કે જ્ઞાન ઘટી ગયું એમ નથી. પણ એ તો એની પર્યાયમાં તારતમ્યતા છે. તારતમ્યતા રૂપે પરિણમે છે. આટલું જ્ઞાન શક્તિમાંથી ગયું કેવળજ્ઞાન, પછી શક્તિમાંથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એ તો એના વિકાસની અપેક્ષાએ છે. એ સ્વભાવનો આશ્રય લે,

દ્રવ્યનો આશ્રય લે તો એ દ્રવ્ય તરફની શુદ્ધ પર્યાયો પ્રગટ થાય છે. પર્યાય વગરનું કાંઈ દ્રવ્ય નથી. દ્રવ્યમાં પર્યાય થાય છે. પરિણતિ થાય છે. પર્યાયની અપેક્ષાએ હાનિવૃદ્ધિ લાગુ પડે છે પર્યાય અપેક્ષાએ. દ્રવ્ય અપેક્ષાએ નથી લાગુ પડતું. પર્યાય અપેક્ષાએ સાધનાની પર્યાય પ્રગટ થઈ, સમ્યક્દર્શન, ૬ઠ્ઠું, ૭મું ગુણસ્થાન, આગળ ગયો પર્યાયમાં શુદ્ધિ વધતી ગઈ. આ શ્રેણી માંડે એ બધું પર્યાય અપેક્ષાએ કહેવાય. કેવળજ્ઞાન પ્રગટ થયું. બધું પર્યાય અપેક્ષાએ છે. અને ઈ પર્યાય દ્રવ્યની જ છે. માટે દ્રવ્ય અને પર્યાય જો અભેદ કરીને કહેવાય તો દ્રવ્ય શુદ્ધરૂપે પરિણમ્યું. દ્રવ્યમાં કેવળજ્ઞાન થયું. દ્રવ્ય અપેક્ષાએ એમ કહેવાય એ દ્રવ્યમાં પર્યાય થઈ. ને જો પર્યાય અને દ્રવ્ય એમ ભેદ પાડીને કહો તો દ્રવ્યમાં કાંઈ નથી. દ્રવ્ય તો અનાદિ અનંત શુદ્ધ છે અને પર્યાયમાં બધું થયા કરે છે. અને પર્યાય પણ અદ્ધર જુદી જ અને દ્રવ્ય કાંઈ જુદું જ, દ્રવ્ય કાંઈ જુદું જ, વેદન ને પર્યાય એ જુદું જ વેદન કરે એવા બે ભાગ એમ નથી. એ વેદન બધું દ્રવ્યનું જ થાય છે.

વેદન કોક બીજું કરે ને ઓલો વેદન બીજું કરે એમ નથી. પર્યાયમાં જે થાય એ દ્રવ્યમાં એ એને જ્ઞાન હોય છે બધું કે આ પર્યાયનું વેદન. આ દ્રવ્ય છે. આ પર્યાય છે. એ જ્ઞાનમાં બધું એને ખબર પડે કારણ કે દ્રવ્ય ને પર્યાય અભેદ છે. ઈ કાંઈ એવી રીતે કાંઈ કટકા નથી કે તદ્દન બે દ્રવ્ય હોય. એવા કટકા નથી. ભેદ અપેક્ષા છે ઈ દ્રવ્યનું સ્વરૂપ ને પર્યાયનું સ્વરૂપ એક ક્ષણ પૂરતું છે ને દ્રવ્ય અનાદિ અનંત છે. શાશ્વત છે. માટે એ અપેક્ષાએ એના સ્વરૂપ ભેદ પડે છે. પણ એ કાંઈ વસ્તુભેદ નથી. ૨૫.

**✻ પ્રશ્ન : એ સાદિ અનંતકાળ સુધી પરિપૂર્ણ શુદ્ધ પર્યાયને કારણો આપે એવું દ્રવ્ય નજરમાં લેવું છે કે નિષ્ક્રિય દ્રવ્ય ?**

● ઉત્તર : જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે ઈ જેમાં પર્યાયો પ્રગટે છે એવું દ્રવ્ય લક્ષમાં ઈ લેવું છે પણ એની દૃષ્ટિ એ વખતે પરિણામ

ઉપર નથી. દૃષ્ટિ સામાન્ય ઉપર છે. દૃષ્ટિ એની સામાન્ય ઉપર છે પણ એ દ્રવ્ય એવું છે કે દ્રવ્ય પરિણામવાળું છે. સર્વથા પરિણામ વગરનું એ દ્રવ્ય નથી. ૨૬.

* પ્રશ્ન : પરિણામ નથી પણ પરિણામના કારણરૂપ શક્તિ સામર્થ્ય લઈને બેઠું છે ?

● ઉત્તર : હા. પરિણામવાળું જ દ્રવ્ય છે. પરિણામ વગરનું દ્રવ્ય નથી. અનંત ગુણ ને અનંતી પર્યાયની શક્તિ સામર્થ્યવાળું જે દ્રવ્ય છે એને લક્ષમાં લેવાનું છે. એની દૃષ્ટિ પરિણામ ઉપર નથી. એની દૃષ્ટિ નિષ્ક્રિય દ્રવ્ય ઉપર છે. પણ એમાં ઈ સર્વથા દ્રવ્ય નિષ્ક્રિય નથી. પરિણામવાળું દ્રવ્ય છે. ઈ એને જ્ઞાનમાં હોવું જોઈએ. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છતાં એને જ્ઞાનમાં હોવું જોઈએ કે દ્રવ્ય, પરિણામવાળું દ્રવ્ય છે. દ્રવ્ય એકલું, કૂટસ્થ દ્રવ્ય નથી. એકલું કૂટસ્થ હોય તો આ સંસાર શેનો? આ એની મોક્ષની પર્યાય પ્રગટી એ બધા પરિણામના પલટા થાય છે ઈ બધા પરિણામો છે. એમ એકલું નિષ્ક્રિય દ્રવ્ય એટલે કે દ્રવ્યમાં કાંઈ પરિણામો જ થતા નથી એવું દ્રવ્ય નથી. વીતરાગ થઈ જાય, કેવળજ્ઞાન થઈ જાય તો પણ દ્રવ્ય તો પરિણામી રહે છે. દ્રવ્ય તો એના અનંતાગુણો પરિણમન કર્યા કરે છે. એનું જ્ઞાન સાદિ અનંત સુધી પરિણમન કરે છે અને એક સમયમાં લોકાલોકને જાણનારું જ્ઞાન બધું જાણ્યા જ કરે છે. એને આનંદનો ગુણ પરિણમ્યા કરે છે. પરિણામી સ્વભાવ તો પરિણમ્યા જ કરે છે. પરિણામ વગરનું દ્રવ્ય નથી. તો વેદન કોને? સુખનું વેદન કોને? જ્ઞાનનો જાણવાનો ગુણ પોતે કાર્ય ન કરે તો ગુણ શેનો? ઈ જ્ઞાન જો જાણવાનું કાર્ય ન કરે તો જ્ઞાન કહેવાય કેવી રીતે? આનંદ, આનંદનું કાર્ય ન કરે તો આનંદ શેનો કહેવાય? ચેતન, ચેતનનું કાર્ય ન કરે તો ઈ ચેતન શેનો કહેવાય? ઈ એના લક્ષણો જે છે ઈ એનું કાર્ય એનું પરિણામ ન હોય તો ઈ ગુણ શેનો? ઈ પર્યાય શેનો? ઈ દ્રવ્ય શેનું? પરિણામ વગરનું તદન દ્રવ્ય ન હોય. સ્વાનુભૂતિની પર્યાય ઈ પણ

પર્યાય છે. છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિરાજ એ પણ પર્યાય છે. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. સામાન્ય ઉપર દૃષ્ટિ છે પણ વેદન તો પર્યાયનું થાય છે. શ્રેણી ચડે છે. કેવળજ્ઞાન થાય છે એ બધા પરિણામ છે. ૨૭.

✻ પ્રશ્ન : દરેક પદાર્થ ઉત્પાદ–વ્યય–ધ્રુવાત્મક હોવાથી પોતે જ ટકે છે ને પોતે જ પરિણમે છે. બન્ને પદાર્થના પોતાના સ્વભાવો છે ? તો પછી જે એમ કહેવામાં આવે છે કે જે પર્યાયો છે તે દ્રવ્યમાંથી આવે છે. ગુણો તો એકરૂપે રહે છે. પછી પર્યાયો દ્રવ્યમાંથી આવે છે અને બીજા સમયે વિલય પામીને દ્રવ્યમાં ચાલી જાય છે. એનો શું આશય ?

● ઉત્તર : દ્રવ્ય પોતે જ પરિણમે છે. ગુણ એમાં જે સ્વભાવ છે. એ ગુણ એ કાર્ય કરે છે. જ્ઞાન જ્ઞાનરૂપે, દર્શન દર્શનરૂપે જે અનંતગુણ છે એ પોતપોતાનું કાર્ય કરે છે. ઈ કાર્ય પરિણમે એટલે એ કાર્ય કરે. પર્યાયનો સ્વભાવ જ એવો છે કે એ કાર્ય કરે અને બીજે ક્ષણે પછી વ્યય થાય. એક સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સાથે રહે અને બીજે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ બધું સાથે જ રહે છે બીજો બીજો ઉત્પાદ થતો જાય ને પહેલાનો વ્યય થાતો જાય. વ્યય થાતો જાય દ્રવ્યમાં એની યોગ્યતા હોય છે. ૨૮.

ભક્તિ : મૈં જ્ઞાતા, મૈં જ્ઞેય રે, મૈં જ્ઞાયક, મૈં જ્ઞાન હૂં,
મૈં જ્ઞાતા, મૈં જ્ઞેય રે, ધ્યાન, ધ્યેયમેં લીન હો,
જ્ઞાન જ્ઞેયમેં લીન હો, નિજ હી નિજકા જ્ઞેય હૈ.

✻ પ્રશ્ન : સમયે સમયે પર્યાયો, ગુણ પરિણમ્યા કરે છે. ગુણ તો કાયમી રૂપે જ રહે છે. તો સામાન્યમાંથી વિશેષ આવે છે એમ જે કહેવામાં આવે છે એની પાછળ શું રહસ્ય છે ?

● ઉત્તર : સામાન્યમાંથી વિશેષ. સામાન્યનો એવો સ્વભાવ જ છે સામાન્ય એનું નામ કહેવાય જે એ કાંઈ કાર્ય કરે તો એ કે ગુણ-જ્ઞાન પોતે એ જાણવું સ્વભાવ છે. આત્માનો જ્ઞાયક સ્વભાવ. એ

જ્ઞાયક છે એ જ્ઞાયક જાણવારૂપે કાર્ય કરતો હોય તો જે જાણવું, એ જાણવું કહેવાય કેવી રીતે? જાણવું એનું કાંઈ કાર્ય જ ન હોય જાણવાનું તો એ જાણવું કેવી રીતે કહેવાય? આનંદ એ આનંદનું કાર્ય ન કરે તો એ આનંદ કેવી રીતે કહેવાય? સામાન્યનો અર્થ જ એવો છે કે સામાન્ય હોય ત્યાં વિશેષ હોય જ. વિશેષ વગરનું સામાન્ય હોય જ નહીં. વિશેષ વગરનું સામાન્ય ન હોય. જે સામાન્ય હોય એમાંથી વિશેષ થાય જ. વિશેષ સામાન્યના આશ્રયે જ થાય છે અને સામાન્ય હોય ઈ વિશેષરૂપે પરિણમ્યા વગર રહે જ નહીં. તો એ સામાન્ય શેનું ? એનું કાર્ય ન કરે જ્ઞાન, જ્ઞાન કહેવું કઈ રીતે? જ્ઞાન, જ્ઞાનરૂપે ન પરિણમે તો જ્ઞાન શેનું? આનંદ, આનંદ રૂપે ન પરિણમે તો આનંદ શેનો કહેવાય? આનંદનું વેદન ન આવે તો આનંદ કેમ કહેવાય? એવા અનંતગુણ પોતે પોતારૂપે જો કાર્ય ન કરે તો ઈ ગુણો કેવી રીતે કહેવાય? ઈ સામાન્ય એટલે ઈ એકરૂપે રહે છે અનાદિ અનંત અને એના કાર્યો બધા બદલતા જાય છે. ઈ સામાન્ય હોય અને વિશેષ હોય જ. ઉત્પાદ, વ્યય ને ધ્રુવ રૂપે દ્રવ્ય હોય તો જ એ દ્રવ્ય એવી રીતે કહેવાય. ૨૯.

✻ પ્રશ્ન : ગુણમાંથી જો કાર્ય આવતું હોય તો વિકારી જે કાર્ય વિભાવરૂપે જે કાર્ય આવે છે તે પણ ગુણમાંથી આવે છે?

● ઉત્તર : એ ગુણ એવી વૈભાવિક શક્તિ છે આત્મામાં. વૈભાવિક શક્તિ છે એટલે વિભાવ પર્યાય થાય છે. એની સામે નિમિત્ત છે પણ એ કાંઈ એવી જાતની યોગ્યતા જ નથી એમ નથી. એવી એક વૈભાવિક શક્તિ છે આત્મામાં. એવી યોગ્યતા છે કે જે વિભાવ રૂપે પરિણમે છે ને નિમિત્ત કાંઈ કરાવી દેતું નથી, નિમિત્ત છે પણ એવી એની યોગ્યતા છે કે એ રૂપે પરિણમે છે. સ્ફટિક નિર્મળરૂપે એનો સ્વભાવ છે પણ લાલરૂપે પરિણમે એ નિમિત્ત લાલ કરતું નથી. પણ એ સ્ફટિકની યોગ્યતા છે કે એ રૂપે પરિણમે. એમ આત્મામાં એવી એક વૈભાવિક શક્તિ છે કે જે વિભાવરૂપે પરિણમે

છે. પણ ઈ જ્યાં સ્વભાવરૂપે પરિણમી જાય એમ વિભાવિક યોગ્યતારૂપે રહી જાય છે પછી. પણ એ ગુણ એવી જાતનું નથી કે એ ગુણ પલટીને એનું વેદન આવે. આ ગુણો તો એવા છે કે જ્ઞાન, આનંદ ને ઈ ગુણો તો બધા એવા છે કે આત્માની સાથે એવી રીતે જોડાયેલા છે કે એનું કાર્ય આવે તો જ ગુણ એનું નામ કહેવાય. કાર્ય ન આવે તો એ ગુણ ન કહેવાય. એવા ઈ વિશેષ ગુણો છે આત્મામાં ઈ. જ્ઞાન ને આનંદ ને બીજા તો કેટલાક શક્તિઓ છે. કોક ધર્મો છે. જ્ઞાન, જ્ઞાનરૂપે જ્ઞાન જાણવાનું કાર્ય કર્યા જ કરે છે. વધઘટ વસ્તુ સ્વરૂપે નથી થાતી એમાં. મૂળમાં વધઘટ નથી થાતી. એ પર્યાયમાં વધઘટ દેખાય છે. મૂળ વસ્તુમાં વધઘટ કાંઈ થાતી નથી. ઈ તો કોઈ આત્માનો અચિંત્ય સ્વભાવ, ગુણનો અચિંત્ય, પર્યાયનો અચિંત્ય, એ બધો સ્વભાવ યુક્તિથી અમુક રીતે એનો પોતે સિદ્ધાંત બેસાડી શકે. બાકી આ આનંદ ગુણ અનંતકાળ પરિણમ્યા કરે છે સિદ્ધ ભગવાનને તો આનંદ ખૂટતો જ નથી. ગમે તેટલો પરિણમ્યા કરે તો એ ખૂટતો જ નથી. એમાં કોઈ તૂટો આવતો નથી કે પછી એ વધીને એવો બહાર વયો જતો નથી. એ પોતાની મર્યાદા છોડતો નથી. આત્મામાં એવી કોઈ અદ્ભૂત શક્તિ છે. એને કહેવાય અગુરુલઘુ. વધે ને ઘટે. હાનિ ને વૃદ્ધિ. હાનિ, વૃદ્ધિ એ વાસ્તવિક રીતે અંદર કાંઈ થાતી જ નથી. એ ષટ્ગુણ હાનિવૃદ્ધિ એની તારતમ્યતા થાય છે. બાકી એમાં વસ્તુ સ્વરૂપે કાંઈ થાતું નથી. છતાં વધઘટ થાય છે એ પર્યાયમાં જુદું, એ ગુણમાં જુદું એવો અચિંત્ય સ્વભાવ છે આત્માનો. એની અપેક્ષાથી સમજવું જોઈએ. દ્રવ્ય અનાદિ અનંત, એના ગુણ અનાદિ અનંત, પર્યાયમાં ફેરફાર થાય છે. બધું વૈભાવિક શક્તિને લીધે વિભાવ થાય છે તે વેદનમાં આવે છે. તોપણ શુદ્ધાત્મા દ્રવ્ય એમ ને એમ રહે છે. એ બધું એનો સ્વભાવ મેળવીને સમજવું પડે. ઈ શાસ્ત્રમાં આવે છે એ પ્રમાણે બરાબર એને મેળ કરીને સમજવું જોઈએ. જે નિત્ય છે એ પૂર્ણ એમાં કાંઈ ફેરફાર નથી. એ તો અનાદિ અનંત નિત્ય છે તો

એમાં પર્યાયની અનિત્યતા ક્યાંથી આવી? એ સ્વભાવ છે એનો પર્યાયમાં પરિણમ્યા કરે. જ્ઞાન જ્ઞાનનું કાર્ય કર્યા કરે છે. અનાદિ અનંત પારિણામિક ભાવે દ્રવ્ય છે ને એમાં પર્યાયો પ્રગટમાં વિભાવ પર્યાય થાય અને જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે ભેદજ્ઞાન થાય તો અમુક અંશે સાધક દશા થાય છે તો થોડી નિર્મળ પર્યાય, થોડી વિભાવ પરિણતિ થોડી રહે છે. જેટલી નિર્મળતા, બાકી વિભાવ ઊભો રહે છે. એક દ્રવ્યદૃષ્ટિ આખો પૂર્ણ દ્રવ્ય લક્ષમાં આવ્યો એટલે ઈ વખતે એ આખો પૂર્ણ નથી થઈ જાતો. એને દ્રવ્ય અનાદિ અનંત પૂર્ણ છે એમ દૃષ્ટિ થઈ તો પણ હજી પર્યાયમાં તો વિભાવ ને બધું છે. તો સ્વભાવ સમ્યક્દર્શન પૂરતી દશા થાય પણ હજી પણ ચારિત્રમાં બાકી રહી જાય છે. સ્વભાવે પૂર્ણ પણ પર્યાયમાં અધૂરું. પણ એ પર્યાય કોની? કે પર્યાયમાં અધૂરો એ દ્રવ્યની જ પર્યાય છે. પર્યાય પાછી અદ્ધર નથી લટકતી. પર્યાયનું વેદન કોઈ બીજાને થાતું નથી. પોતાને જ થાય છે. એનો મેળ કરીને સમજવું જોઈએ કે અંતરમાં અંતઃતત્ત્વ એકમેકરૂપે ગુણો અને દ્રવ્ય છે પણ આ પર્યાયમાં ફેરફારો છે પાછા. એ બધું એનો મેળ કરીને સમજવું જોઈએ. દૃષ્ટિ એકને સામાન્યને ગ્રહણ કરે પણ પછી વિશેષમાં શું છે એ બધું જ્ઞાનમાં બરાબર યથાર્થ જાણવું જોઈએ તો એને સાધક દશા ચાલે છે. ૩૦.

**✻ પ્રશ્ન : આ જે વિભાવ થાય છે વિભાવ શક્તિને કારણે વિભાવ થાય છે. ચારિત્રગુણમાં જે એ વિકાર થયો એનું કારણ વૈભાવિક શક્તિ લીધી?**

● ઉત્તર : વૈભાવિક શક્તિ છે એવી આત્મામાં એક અને પોતાના પુરુષાર્થની મંદતા છે અને નિમિત્ત તરફ પોતે જોડાય છે. પોતાના ચારિત્ર ગુણમાં એટલી અધૂરાશ છે અને વૈભાવિક શક્તિ છે. વૈભાવિક શક્તિ કરાવી નથી દેતી પણ પોતે એમાં જોડાય છે પોતાના પુરુષાર્થની મંદતાથી. વિશેષ ગુણો, સામાન્યગુણો એવા અનેક જાતના અનંત ધર્મો જીવમાં છે. ૩૧.

✽ પ્રશ્ન : એ વિશેષ આવે છે એનો અર્થ એટલો જ થયો કે ગુણો, ગુણોરૂપે રહીને પરિણમે.

● ઉત્તર : વિશેષ આવે. નહીંતર વિશેષ આવે ક્યાંથી? વિશેષ જ્ઞાનનું જાણવાનું કાર્ય છે એ કાંઈ કોઈના આશ્રયે છે એ ક્ષણ પૂરતો પરિણમીને પછી બદલી જાય છે. એ કોઈના આશ્રયે છે. આશ્રય વગર નથી. એ બધું સામાન્યના આશ્રયે વિશેષ પરિણમન છે. પણ એ ક્ષણપૂરતું છે. અનાદિ અનંત નથી. ફરે છે. અગ્નિ ઉષ્ણ છે એની ઉષ્ણતાનું કાર્ય એને આવ્યા કરે છે. પાણી ઠંડુ છે એ ઠંડાનું કાર્ય એને પોતાના શીતળગુણના સ્વભાવને લઈને આવે છે. પણ એ જો સામાન્ય પોતાનું કાર્ય ન કરે તો સામાન્ય જ રહેતું નથી. અગ્નિ ક્યારે કહેવાય કે એ ઉષ્ણ હોય. પાણી ઠંડુ કેમ કહેવાય કે એ શીતળ છે. એ બધો એનો સ્વભાવ છે. એ સામાન્યરૂપે પણ એનું કાર્ય કરે છે ઠંડારૂપે, ઉષ્ણરૂપે. ૩૨.

✽ પ્રશ્ન : એ જે વૈભાવિક શક્તિ છે એ ત્રિકાળ છે કે કેવી છે ?

● ઉત્તર : એ ત્રિકાળ છે. પણ એની પર્યાય વિભાવ તરફ જાય તો વિભાવરૂપે પરિણમે. સ્વભાવમાં જાય એટલે એ પલટી જાય છે એની પરિણતિ. નિમિત્તના આશ્રય તરફ જાય એટલે વિભાવરૂપે પરિણમી જાય. નિમિત્તનો આશ્રય છૂટે તો પોતે સ્વભાવમાં જાય તો પલટી જાય છે. એમ પર્યાય પરિણતિ પલટી જાય છે. ૩૩.

● બહેનશ્રી : તરંગો થઈને જે જળરૂપે થાય છે એ પાણીરૂપે તરંગ રૂપે નથી રહેતા. એ અંદર પાણીની અંદર તરંગ રૂપે નથી હોતા. પાણીરૂપે એટલે ઈ એના દ્રવ્યરૂપે એની વસ્તુ જે પાણી છે એ રૂપે થઈ જાય છે. તરંગો એમાં સમાય એટલે એમાં ઈ જાતનું જે જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણો છે ઈ રૂપ છે એમ. એમાં તરંગ રૂપે નથી રહેતા પણ પર્યાય દ્રવ્યરૂપે ને ગુણરૂપે પછી સામાન્યરૂપે. એમાં પહેલા દ્રવ્ય આમ પરિણમ્યું'તું એવી જાતની એમાં શક્તિ છે કે આવી

રીતે દ્રવ્ય પરિણમ્યું'તું એવી જાતનું પણ ઈ તરંગ તરંગ રૂપે અંદર નથી રહેતા. તરંગ અંદર સામાન્યરૂપે તરંગ નથી રહેતા પણ એ એમાં સમાય એટલે જળના તરંગ જળ રૂપે થઈ જાય એટલે જળરૂપે એટલે સામાન્યરૂપે થઈ જાય. તરંગરૂપે નથી. ઈ તરંગનું કામ નથી કરતુ ઈ. સામાન્યરૂપે થઈ જાય છે. આ તરંગો પાણીમાં આમ પરિણમ્યા હતા એવી જાતની એમાં શક્તિ રહે છે. આ તરંગો પાણીમાં થયા હતા એમ. બાકી તરંગ તરંગરૂપે નથી રહેતા. ૩૪.

*** પ્રશ્ન : હમારી જો પર્યાય અંદરસે જો નીકલતી હૈ, ઉસમેં લબ્ધ હોતી હૈ યા આરાધકદશા હો જાતી હૈ ?**

● ઉત્તર : અંદરસે અશુદ્ધ તો અંદરસે નહીં. અશુદ્ધ તો કર્મકા નિમિત્ત હૈ ને ઈસલિયે વો તરફ દૃષ્ટિ કરતા હૈ ને ઈસલિયે અશુદ્ધ હોતી હૈ. દ્રવ્ય તો શુદ્ધ હૈ. પર્યાય જો વો નિમિત્ત હોતા હૈ ને? ઐસે લાલ પીળા પરિણમન હોતા હૈ તો સ્ફટિકમેં, ભીતરમેંસે લાલ નહીં હોતા. ૩૫.

**પ્રશ્ન : પર્યાય શુદ્ધ હી હોતી હૈ ?**

● ઉત્તર : સ્ફટિકમેં તો નિર્મળ પર્યાય રહતી હૈ. સ્ફટિક તો સફેદ હૈ. ઈસમેંસે લાલાશ દિખનેમેં આતી હૈ વો નિમિત્તકે કારણ વો ઉપાદાન અપના. લાલાશ આતી હૈ યે સ્ફટિકકા મૂળ સ્વભાવ નહીં હૈ. સ્ફટિકકા પરિણમન સ્ફટિકકા હૈ. યે લાલાશ જો હોતી હૈ યે ઉસકા મૂળ સ્વભાવ નહીં હૈ યે વિભાવ પર્યાય હૈ. ઈસલિયે લાલાશ ઈસકા મૂળ સ્વભાવ નહીં હૈ, ભીતરમેંસે લાલાશ નહીં આતી. યે પર્યાય હૈ. પર્યાયકા એ પલટન હોતા હૈ. નિમિત્ત સાથમેં રહતા હૈ.૩૬.

*** પ્રશ્ન : જે દ્રવ્યના આલંબનથી સમ્યગ્દર્શન થાય છે એ દ્રવ્ય વિષે ભાવ છે કે દ્રવ્ય ક્ષણભરમાં જાત્યાંતર થાય છે. આ શ્રીમદ્‌નો બોલ છે.**

● ઉત્તર : ત્રણકાળમાં જાત્યાંતર એટલે એની જાતિ ફરતી નથી. જે દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય, ઈ દ્રવ્ય, એમ છે ને? ઈ

જાત્યાંતર એની જાતિ ફરતી નથી. એ તો એક સ્વભાવે જ રહે છે. અનંતકાળ ગયો તો પણ જીવ તો ઈનો એ જ છે. નિગોદમાં ગયો તો પણ એ જ છે. દેવમાં ગયો તો પણ એવો જ છે. નરકમાં ગયો તો પણ એવો જ છે. તિર્યંચમાં ગયો તોપણ એવો જ છે. જીવ તો એનો એ જ છે. જીવ જાત્યાંતર થાતો નથી. જીવ બદલીને જડ થાતો નથી. જીવ તો જીવ. ચેતન તો ચેતન જ રહે છે. 'ચેતન તે ચેતન ત્રણકાળમાં, જડ તે જડરૂપ છે'. બેય જુદે જુદી વસ્તુઓ છે. ઈ ચૈતન્યને ગ્રહણ કરવો તે જ આત્માને સુખનું કારણ છે. બાકી કાંઈ સુખનું કારણ નથી. ઈ સ્વભાવને ગ્રહણ કરવો ઈ જ સર્વસ્વ છે. ઈ જ દ્રવ્ય છે. કોઈ જુદું દ્રવ્ય છે. આશ્ચર્યકારી દ્રવ્ય છે. ૩૭.

**✻ પ્રશ્ન : તો શું પરિણમન થાય છે ઈ શું જાત્યાંતર થયું કહેવાય ?**

● ઉત્તર : જાત્યાંતર નથી. ઈ પોતાનો સ્વભાવ છોડીને એનું પરિણમન થાતું જ નથી. પોતે પોતારૂપ જ રહે છે. ઈ જાત્યાંતર એટલે ભેદભાવ રૂપે જે થાય ઈ પર્યાય અપેક્ષાએ બીજી જાતિ, પણ પોતાનો સ્વભાવ એ મૂળ વસ્તુ છોડતો નથી. નિમિત્તની અપેક્ષાએ કહેવાય કે સ્ફટિક પોતે નિર્મળ છે. પણ લાલપીળા જે રંગ છે એ જુદી જાતના છે. એ કંઈ એનો મૂળ સ્વભાવ નથી. એ એના મૂળ સ્વભાવના રંગ નથી પણ એ વિભાવ પર્યાય, વિકૃતિ છે. ચૈતન્યની વિભાવ પર્યાય છે. સ્વભાવ પર્યાય નથી. ૩૮.

**✻ પ્રશ્ન : સમ્યગ્દર્શન થવા વિકૃતિ વગરનું દ્રવ્ય છે ?**

● ઉત્તર : સમ્યગ્દર્શન વિકૃતિ વગરનું દ્રવ્ય છે. જે એક સ્વભાવે છે, સહજ સ્વભાવે છે, પારિણામિક રૂપે છે, એના આશ્રયથી જ સમ્યગ્દર્શન થાય છે. પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન થાતું નથી. દ્રવ્યના આશ્રયે જ (સમ્યગ્દર્શન) થાય છે. કોઈપણ જાતની વિભાવ, વિકૃતિ હોય એના આશ્રયે સમ્યગ્દર્શન ન થાય કે શુભભાવના આશ્રયે ન થાય. અંદર શુદ્ધના આશ્રયે સમ્યગ્દર્શન

થાય. તે શુદ્ધાત્માના આશ્રયે થાય. શુદ્ધપર્યાયના આશ્રયે ન થાય. શુદ્ધપર્યાય તો પ્રગટ થાય છે. એ કાંઈ કાયમ હોતી નથી. શુદ્ધાત્માના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય કોઈ શુભભાવના આશ્રયે, કે શુદ્ધપર્યાયના આશ્રયે નથી થતું. પોતે શુદ્ધાત્મા દ્રવ્ય છે એના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય. એનું જ આલંબન લેવું. અને એમાં જ સ્થિર થાવું. એની જ શ્રદ્ધા, એનું જ્ઞાન, એનું ચારિત્ર, બસ ! એના આશ્રયે જ મુક્તિનો માર્ગ ત્યાંથી જ શરૂ થાય છે. દ્રવ્યના આશ્રયે દ્રવ્યને જીવે ગ્રહણ કર્યું નથી. પર્યાય તરફ દૃષ્ટિ કરી છે. વિભાવ તરફ દૃષ્ટિ કરી છે ને શુભભાવો કાંઈ કરે ને જાણે કે 'મેં બહુ કર્યું' એમ એને લાગે છે પણ કરવાનું અંતરમાં જુદું રહી જાય છે. અનંતકાળથી જે કાંઈ કર્યું ઈ કાંઈ કર્યું જ નથી. અંતરમાં જે કરવાનું છે ઈ જુદું જ છે. 'જાણે બહારથી કરે એટલે જાણે મેં બહુ કર્યું' પણ શ્રદ્ધા તો એમ જ હોવી જોઈએ કે મારા ચૈતન્યના આશ્રયે જ બધું થાય છે. ૩૯.

* પ્રશ્ન : એમાં શુદ્ધ દ્રવ્યના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે એમ કહેવાની કાંઈ જરૂર નથી. દ્રવ્યના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. બે એક જ વસ્તુ છે. પર્યાયને ગૌણ કરીને ?

● ઉત્તર : પર્યાયને ગૌણ કરે તો આત્માના આશ્રયે જ થાય છે. ઈ શુદ્ધ જ છે. એમાં કાંઈ અશુદ્ધતા છે જ નહીં. શુદ્ધાત્માના આશ્રયે જ થાય છે. શુદ્ધાત્મા અને અશુદ્ધ આત્મા એ તો એક બોલવાની પદ્ધતિ છે અશુદ્ધાત્મા પર્યાય અપેક્ષાએ છે. આત્મા તો શુદ્ધ જ છે. ૪૦.

* પ્રશ્ન : શુદ્ધાત્મા દ્રવ્યની આપે વાત કરી એ પર પરિણામે પરિણમે નહીં ?

● ઉત્તર : પરરૂપે પરિણમતું નથી. પર પરિણામે એટલે જડરૂપે પરિણામતું નથી. જે આત્મા છે ઈ વિભાવરૂપે મૂળરીતે એ પરિણમતો નથી. પર્યાય અપેક્ષાએ પરિણમે છે. ૪૧.

* પ્રશ્ન : દ્રવ્ય સ્વભાવ છે ઈ એવો ને એવો રહે છે ?

● ઉત્તર : ઈ એવો ને એવો રહે છે. સ્ફટિક એવું ને એવું રહે છે. પાણીની શીતળતા જાતી નથી. જે એનો મૂળ સ્વભાવ હોય વસ્તુનો ઈ એમ જ રહે છે. ઈ નિગોદમાં જાય તો એવો જ રહે છે. એમાં કાંઈ ફેરફાર થાતું નથી. ઈ એનો જ આશ્રય લેવો. એનાથી જ થાય છે બીજાથી કાંઈ થતું નથી. પોતાનું કલ્યાણ કરવું છે પોતાની શુદ્ધ પર્યાય પ્રગટ કરવી છે. એ કાંઈ બીજાના આશ્રયે થાતું નથી. પોતાને અંદર વેદન ને શુદ્ધતા નિર્મળતા પ્રગટ કરવી છે તે નિર્મળના આશ્રયે નિર્મળ પ્રગટ થાય છે. પોતે જ છે ને પોતાને જ ગ્રહણ કરવાનો છે. બીજું કાંઈ નથી. ૪૨.

✻ પ્રશ્ન : દ્રવ્ય છે તે સ્વપણાનો ત્યાગ કરી શકે નહીં. એટલે આવી ગઈ વાત.

● ઉત્તર : દ્રવ્ય સ્વપણાનો ત્યાગ કરી શકે નહીં. દ્રવ્ય પોતે પોતાને છોડતું નથી. પોતાને છોડીને બીજારૂપે થાતું નથી. પોતાનું સ્વપણું છોડતું નથી. વસ્તુ સ્વભાવ છોડતું નથી. પર્યાય અપેક્ષાએ છોડે એમ આવે છે. વસ્તુ સ્વભાવે છોડતો નથી. જ્ઞાયકની પરિણતિ પ્રગટ થાય, સ્વાનુભૂતિ પ્રગટ થાય તો એને જ્ઞાયકની દશામાં એ જ્ઞાતાની ધારા એ છોડતો નથી. ગમે તેવા એમાં વિભાવ પર્યાય હોય ઉદયમાં, તો પણ એ જ્ઞાયકની ધારા છોડતો નથી. એને ભેદજ્ઞાનની ધારા ગૃહસ્થાશ્રમમાં હોય તોય એમ ને એમ ચાલુ રહે છે. પર્યાય અપેક્ષાએ છોડતો નથી ઓલું દ્રવ્ય અપેક્ષાએ. એની પુરુષાર્થની ધારા એવી હોય છે. બહાર ઈ વિભાવમાં એકત્વબુદ્ધિ રૂપે પરિણમતો નથી. એની સ્વભાવની ધારા ચાલુ જ રહે છે. દરેક ક્ષણે ચાલુ જ રહે છે. નિર્મળ પર્યાયથી શુદ્ધ દ્રવ્યનું આલંબન લેવાનું છે. ૪૩.

✻ પ્રશ્ન : પર્યાય શુદ્ધ નથી તો આલંબન લે ત્યારે એને નિર્મળ પર્યાયની સન્મુખ કેમ કરવી ?

● ઉત્તર : પર્યાયની સન્મુખ નહીં. દ્રવ્યની સન્મુખ આત્મા

પહેલા પોતાના જ્ઞાનસ્વભાવ વડે જ જણાય છે. પોતે જ્ઞાન જાણનારો છે ને? પોતાના સ્વભાવથી જણાય છે. ૪૪.

પ્રશ્ન : જ્ઞાનની પર્યાય જ્યારે આપણે સ્વાનુભૂતિમાંથી પાછી આવે ત્યારે આપણને ખ્યાલ આવે છે ને કે મેં આ જોયું.

● ઉત્તર : એ પર્યાયથી જણાય છે પણ એનો વિષય છે ને દ્રવ્યનું આલંબન લીધું. આલંબન એમ ને એમ રહે છે. પર્યાય ભલે પલટાય. આલંબન જે લીધું એ આલંબન તો એમનું એમ રહે છે. એ તો નવી નવી પર્યાય થાય છે. ૪૫.

* પ્રશ્ન : પછી એની સન્મુખ જઈએ તો તો પછી એની અંદર જવાય નહીં.

● ઉત્તર : પર્યાયની સન્મુખ નહીં જવાનું. દ્રવ્યની સન્મુખ જવાનું. ૪૬.

* પ્રશ્ન : જ્ઞાતાધારા દ્રવ્યના આશ્રયે પ્રગટ થાય તો એ આશ્રયનો અર્થ શું?

● ઉત્તર : આશ્રય એટલે પોતાનું અસ્તિત્વ. ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કરવું 'આ હું છું અને આ હું નથી.' એ પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને એમાં સ્થિર ઊભો રહે છે. કે 'આ હું તે આ હું જ છું, બીજું કાંઈ હું નથી.' એમ એની દૃષ્ટિ વિભાવ તરફથી ઊઠાવીને 'આ જ્ઞાયકનું જે અસ્તિત્વ ચૈતન્ય જે છે તે હું છું.' એમ પોતાના જ્ઞાન સ્વભાવને ગ્રહણ કરે છે. આ વિભાવની સાથે જે જ્ઞાન છે એ જ્ઞાનને વિભાવ મિશ્રિત નહીં પણ એકલું જે જ્ઞાન ઈ જ્ઞાન સ્વરૂપ તે જ હું છું. ઈ જ્ઞાન જ્ઞાયકને આધારે ગુણ છે. પણ એ ગુણ જ્ઞાયકને આધારે, એટલે દ્રવ્યને ગ્રહણ કરે. જ્ઞાનલક્ષણ દ્વારા લક્ષને ગ્રહણ કરે. દ્રવ્યને ગ્રહણ કરે કે આ ચૈતન્ય દ્રવ્ય જે જ્ઞાયક. જ્ઞાનથી ભરેલું જે દ્રવ્ય તે જ હું છું એમ પોતાનું અસ્તિત્વ એ એને ગ્રહણ કરે, એમાં દૃષ્ટિને સ્થાપે, અને એમાં લીનતા કરે ઈ એનું આલંબન દ્રવ્ય છે. બીજું કોઈ આલંબન નથી. ભગવાને, ગુરુદેવે બધું ઈ એક જ ઉપાય. (બતાવ્યો

છે) જે મોક્ષ ગયા ઈ એક જ ઉપાયથી ગયા છે. બીજો કોઈ ઉપાય નથી. ચૈતન્યનો આશ્રય ગ્રહણ કરે. બહાર વિભાવમાં પરિણતિ જાય. વારંવાર 'હું આ ચૈતન્ય' પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે. 'આ જ્ઞાયક તે હું.' ઈ જ્ઞાનગુણ એવો છે કે અસાધારણ. ઈ લક્ષમાં આવે, ખ્યાલમાં આવે એવો જ્ઞાનગુણ છે. બીજા ગુણો કેટલાક (એવા) છે કે અસાધારણ પોતાને જલદી લક્ષમાં નથી આવતા. પણ આ જ્ઞાન લક્ષણ છે ઈ બીજા (દ્રવ્ય)માં જાણવાનું લક્ષણ નથી. એ જાણવાનું લક્ષણ એક આત્મામાં જ છે. પોતામાં જાણવાના લક્ષણથી પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે કે જાણવાનું જે લક્ષણ છે એ લક્ષણવાળો હું ચૈતન્ય છું. ઈ જ્ઞાનની સાથે એમાં એવા અનંતા ગુણ છે, પણ ઈ જ્ઞાન ગુણથી ઈ આખો આત્મા ગ્રહણ કરે એમાં અનંત અનંત આનંદગુણ, સુખગુણ બધા એમાં છે. પણ એ આનંદ એવો વિશેષ ગુણ નથી કે એનાથી દ્રવ્ય પકડાતું નથી. પણ જ્ઞાન એવો સ્વભાવ છે કે એનાથી ગ્રહણ થાય છે એટલે જ્ઞાન દ્વારા આત્માને ગ્રહણ થઈ શકે છે. જ્ઞાન લક્ષણ. (દ્વારા) એમ આ બહારનું જાણ્યું એ જ્ઞાન એમ નહીં. ઈ જ્ઞાનનો ધરનારો કોણ છે? આ જ્ઞેય જાણ્યું, 'આ જાણ્યું, આ જાણ્યું' ઈ જ્ઞાન એમ નહીં પણ ઈ જ્ઞાન ક્યાંથી આવે છે? ઈ જ્ઞાનનો ધરનારો, ઈ જ્ઞાનનું અસ્તિત્વ ક્યા દ્રવ્યમાં રહેલું છે? ઈ દ્રવ્યને ગ્રહણ કરે છે. આ જાણ્યું એટલે જ્ઞેયથી જ્ઞાન એમ નહીં પણ હું જ્ઞાન—સ્વયં જ્ઞાનસ્વરૂપ છે જ્ઞાનનો ધરનારો પણ ચેતન છે એને ગ્રહણ કરવું. ૪૭.

*** પ્રશ્ન : પર્યાય ભલે ફર્યા કરે માલિકી દ્રવ્યની.**

**● ઉત્તર :** દ્રવ્યના આશ્રય વગર તો (પર્યાય) પ્રગટતી નથી. એને આશ્રય તો પોતાના દ્રવ્ય અને ગુણના આશ્રયથી જ પર્યાય પ્રગટે છે. પછી પ્રગટે છે એટલે એને પ્રગટાવી દીધી એમ નહીં, પોતે પર્યાય એક વસ્તુ સ્વતંત્ર પર્યાય પોતે છે અને પોતાથી પરિણમે છે પણ એની બધી શક્તિઓ છે એ પર્યાયરૂપે પરિણમવાની એ દ્રવ્યમાં ને ગુણોમાં

ભરેલી છે એમાંથી પ્રગટ થાય છે. અવસ્થાઓ પ્રગટે છે. એ એની બધી એનો અંદર ખજાનો ભર્યો છે. એ અંદર દ્રવ્ય ને ગુણોમાં છે એમાંથી ઈ પ્રગટી છે. એટલે એને આશ્રય તો દ્રવ્યનો જ છે, જે મૂળવસ્તુ ને ગુણ અને દ્રવ્ય એમાંથી એ પરિણમે છે.

✻ બહેનશ્રી : પોતે કર્તા, સ્વયં કરણ એટલે સ્વયં ઈ કાંઈ એમાં નવું કાંઈ એના સ્વભાવથી બીજું કાંઈ કરી શકતો નથી કે એમાં ફેરફારો પોતે કરી શકતો નથી. એનો જે પર્યાયનો સ્વભાવ છે ઈ રીતે એ પરિણમે છે. એની હાનિવૃદ્ધિ, એની તારતમ્યતા, ઈ કેવી જાતની ઈ પોતે સ્વતંત્ર. એમાં કાંઈ પોતે ફેરફારો કરી શકે નહીં. એના પુરુષાર્થ ને દ્રવ્યદૃષ્ટિના બળે એનામાં જે સ્વભાવ હોય ઈ જાતનું એ પરિણમી શકે. એમાં એ ફેરફાર નથી કરી શકતો. માટે ઈ સ્વતંત્ર છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન. એમ એનો જે સ્વભાવ છે. જ્ઞાનનો જ્ઞાનરૂપે, દર્શનનો દર્શનરૂપે, ચારિત્ર ચારિત્રરૂપે. એમાં એ ફેરફારો ન કરી શકે. એની હાનિ, એની વૃદ્ધિ, એના અવિભાગ પ્રતિચ્છેદો, એ બધા કેવી રીતે પરિણમે એ બધા સ્વતંત્ર. પણ એમાં આશ્રય દ્રવ્યનો. ઈ દ્રવ્યના આશ્રયમાંથી પરિણમે છે. ઈ અદ્ધરથી નથી આવતી. દ્રવ્યના ખજાનામાં ઈ ભરેલું છે એમાંથી ઈ આવે છે એમ. ૪૮.

**✻ પ્રશ્ન : આ દ્રવ્યના ઈ અપેક્ષાએ દ્રવ્ય કર્તા છે. દ્રવ્ય કરણ છે એમ જે કહેવાય છે એ પણ યથાર્થ છે?**

● ઉત્તર : ઈ યથાર્થ છે. ઈ દ્રવ્યના ખજાનામાં જ એ ભરેલું છે બધું. અનંતી અનંતી શક્તિઓ અનંતકાળ સુધી જે પરિણમે ઈ દ્રવ્યની શક્તિઓમાં બધું ભરેલું છે એમાંથી પર્યાય પરિણમે. પણ પર્યાયનો ફેરફાર એના જે જાતનો સ્વભાવો છે. એ રીતે જ્ઞાન-જ્ઞાન દર્શન-દર્શન, ચારિત્ર-ચારિત્ર, એના અવિભાગ પ્રતિચ્છેદો, એની હાનિવૃદ્ધિ, એની તારતમ્યતા એ બધું સ્વતંત્ર પર્યાય પરિણમે. એમાં ઈ પોતે કાંઈ ફેરફારો ન કરી શકે. પણ જે પ્રગટે છે ઈ દ્રવ્યમાંથી

ઈ પ્રગટે છે. દ્રવ્યની બહારથી નથી પ્રગટતી. એને દ્રવ્યનો આશ્રય છે. એટલે પોતે દ્રવ્યદૃષ્ટિના બળે, એની લીનતાના બળે, સમ્યગ્દર્શનના બળે ઈ નિર્મળ પર્યાયો પ્રગટવા માંડે છે. જ્યાં સુધી દૃષ્ટિ બહાર હતી ત્યાં સુધી વિભાવ પર્યાયો પરિણમતી હતી. દૃષ્ટિ પોતામાં ગઈ એટલે સ્વભાવ પર્યાયો પરિણમવા માંડી. જે પોતાના સ્વભાવમાં ભરેલી છે એ બધી પર્યાયો પ્રગટવા માંડી. વીતરાગ દશા થાય ત્યાં કેવળજ્ઞાન અને બધું પ્રગટે, એ સ્વયં પ્રગટે પણ એને આશ્રય દ્રવ્યમાં કેવળજ્ઞાનની શક્તિ છે એમાંથી ઈ પ્રગટે છે. દ્રવ્યમાં શક્તિ છે. એ જ્ઞાનગુણમાં એ શક્તિ છે. એ ગુણો બધા દ્રવ્યમાં જ અભેદ રૂપે ભરેલા છે. એક એક ગુણ ભલે સ્વતંત્ર પણ દ્રવ્યમાં જ અભેદરૂપે રહેલા છે. એમાંથી પર્યાયો પ્રગટે છે. એટલે જ એનું વેદન થાય છે. કાંઈ પર્યાય જુદી ને ગુણ જુદા ને એનું વેદન જુદું ને. એ ગુણો અપેક્ષાએ એ પર્યાય અપેક્ષાએ લક્ષણ, સંજ્ઞા અપેક્ષાએ એમ બધો ભેદ છે એ બધી શક્તિઓ દ્રવ્યમાં છે. એટલે દ્રવ્યમાંથી પ્રગટે છે પર્યાયો. એટલે વાસ્તવિક રીતે દ્રવ્યમાંથી પ્રગટે છે. દ્રવ્ય જ એનું કર્તા, કરણ, સંપ્રદાન દ્રવ્યમાં પણ એ પર્યાય સ્વતંત્ર પરિણમે એ પરિણમીને જે બહાર આવે છે ઈ સ્વતંત્ર પરિણમેલી છે. માટે ઈ સ્વયં કર્તા, કરણ એમ પર્યાયને સ્વતંત્રતા એમ લાગુ પડે છે. કેવી જાતના નિર્મળતા, કેવી જાતની અવિભાગ પ્રતિચ્છેદો, કેવી જાતની તારતમ્યતા એમ સ્વતંત્ર છે. ૪૯.

*** પ્રશ્ન : એક જગહ કહનેમેં આતા હૈ કિ પર્યાય અપને ષટ્કારકસે ઉત્પન્ન હોતી હૈ. ઔર એક જગહ કહનેમેં આતા હૈ કિ અપને દ્રવ્યકે આધારસે ઉત્પન્ન હોતી હૈ. ઈન દો નિર્ણયમેં કૌનસા નિર્ણય જોરદાર હૈં જિસમેં હમ આત્માકા લક્ષ કર શકે ?**

● ઉત્તર : આત્માકા લક્ષ કરના તો પર્યાય આત્માકી દ્રવ્ય દૃષ્ટિસે આશ્રયસે પર્યાય ઉસમેં આ જાતી હૈ. શુદ્ધ પર્યાય ઉસમેંસે પ્રગટતી હૈ. વો પર્યાય સ્વતંત્ર પર્યાય અમુક અપેક્ષાએ સ્વતંત્ર હૈ.

દ્રવ્યમેં તો અનંત સામર્થ્ય ભરા હૈ. તો જિતના દ્રવ્ય સ્વતંત્ર હૈ ઉતની પર્યાય સ્વતંત્ર યે પર્યાયકો કહના હો તો ઐસે એ તો અપના સ્વભાવસે હૈ. અમુક અપેક્ષા એ એને ષટ્કારકસે કહનેમેં આતા હૈ તો ભી પર્યાયકો દ્રવ્યકા આશ્રય તો રહતા હૈ. પર્યાયને દ્રવ્યનો આશ્રય તો છે. તો જિસ તરફ દ્રવ્યકી પરિણતિ રહતી હૈ વો તરફ પર્યાય પલટ જાતી હૈ. પર્યાય વો દૃષ્ટિ બહાર દેતી હૈ તો વો તરફ પર્યાય જાતી હૈ. દૃષ્ટિ શુદ્ધાત્મામેં જાતી હૈ તો વો તરફ પર્યાય જાતી હૈ. ઈસલિયે દ્રવ્યકા આશ્રય તો રહતા હી હૈ પર્યાયકો. પર જિતના દ્રવ્ય સ્વતંત્ર હૈ એમ પર્યાયમેં ઈતના ફેર હૈ. દ્રવ્યકા આશ્રય તો રહતા હૈ પર્યાયમેં વો ષટ્કારક હૈ તો ભી ઈતના આશ્રય તો રહતા હૈ પર્યાયમેં. પર્યાયને દ્રવ્યનો આશ્રય તો આવે જ છે. આશ્રય વગરની નથી હોતી. દ્રવ્યનો આશ્રય તો રહે જ છે. ૫૦.

બોલો સદ્ગુરુદેવનો જય હો.
ભગવતી માતનો જય હો.